## ૭. ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૩(૮) હેઠળ સદર કેસમાં વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા અરજી.

**અમદાવાદના મે. મેટ્રોપોલિટન મેજિ. સાહેબની કોર્ટમાં,**

**ક્રિમિનલ કેસ નંબર........../૦૮**

*ફરિયાદીઃ*

*વિ.*

*આરોપી :*

*આરોપી :*

| | |
|---|---|
| **અરજદાર :** | **પાંજરાપોળ / પ્રાણી હક્ક સુરક્ષા કાર્યકર.** |
| **બાબત :** | **ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૩(૮) હેઠળ સદર કેસમાં વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા અરજી.** |

yk fk{u y{ku yhËkhIke yÃk Ikk.fuxÙku Ik{ú rðÃktíkeAu fu :–

૧. *ઉક્ત કેસ પ્રાણી અત્યાચાર નિવારણ ધારાની વિવિધ કલમોની હેઠળ દાખલ થયેલ છે. ઉક્ત કેસની ફરિયાદ જોતાં તપાસ અધિકારીશ્રીએ ઘણી વિગતો અંગે તપાસ કરવી જરૂરી છે. અમો અરજદાર પ્રાણી રક્ષા માટે વર્ષોથી કાર્ય કરીએ છીએ અને તેથી તપાસ અધિકારીને તા. ના રોજ અમોએ એક અરજી આપી જણાવેલ કે સદર ફરિયાદ અંગે અન્ય વિવિધ કાયદાની કલમો લાગુ પાડવી જરૂરી છે. ઉપરાંત સરકારશ્રીના પરિપત્ર મુજબ ગુનાના મૂળ સુધી પહોંચી અન્ય ગુનો કરનારાને આરોપી તરીકે લેવા જરૂરી છે, તેમને અટક કરવા જરૂરી છે. આરોપી તરીકે રજૂ કરેલા દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કરવી જરૂરી છે. વગેરે બાબતોની જે અરજી આપેલ તેની નકલ આ સાથે સામેલ છે.*

૨. *નામદાર સુપ્રીમ કોર્ટના ૨૦૦૬ (૨) જી. એલ.એચ. પાન ૨૦૧ ગુજરાત રાજ્ય વિ. મીરજાપુર મોતી કુરેશી કસબ જમાતના કેસમાં ઠરાવેલ કે દરેક ભારતીય નાગરિક અને સંયુક્ત રીતે સરકારની પ્રાણીઓની રક્ષા કરવાની મૂળભૂત ફરજ છે. ના.હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે પાંજરાપોળને પ્રાણી રક્ષા અંગે રજૂઆત કરવાની લોકસ્ટેન્ડી છે. તે છતાં જ્યારે ગુનેગારને નશ્યત કરવાનો પ્રશ્ન આવે ત્યારે ફરિયાદી કોણ છે, અને ફરિયાદીની લોકસ્ટેન્ડી છે કે નહીં તે ભારતીય ફોજદારી કાયદા હેઠળ જવાનું નથી. કારણ કે ગુનાના કારણે સમગ્ર સમાજને નુકસાન થાય છે અને તેથી કોઈ ગુનો થયેલો હોય તે અંગેની જેને માહિતી મળી હોય તે વ્યક્તિ ફરિયાદ કરી શકે. (એ.આર.અંતુલે વિ. સ્ટેટ, ૧૯૮૪ સુ.કો. પાના નં. ૭૧૮)*

૩. ના. સુપ્રીમ કોર્ટના હસનઅલી વલીભાઈ કુરેશી વિ. ગુજરાત સરકારનો ચુકાદો ૨૦૦૪(૫) એસ.સી.સી. પાન નં. ૩૪૭ મુજબ કેસમાં ફક્ત મોડું થાય તે માત્રાથી વધુ તપાસ ન કરવી, એ યોગ્ય નથી. તપાસ અધિકારીની એ ફરજ છે કે યોગ્ય તપાસ થાય. મુસ્તાકઅલી મહમદ શેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૮(૧) જી. એલ.એચ. પાન નં. ૪૧૪. ખરી હકીકતમાં તપાસ અધિકારીનો મુખ્ય ઉદ્દેશ સત્યની શોધનો છે. ના.હાઈકોર્ટે તાજેતરમાં નરોડા પાંજરાપોળ વિ. ગુજરાત સરકાર, સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૪૪૨/૨૦૦૭ માં હુકમ કરી જણાવેલ કે તપાસ અધિકારીએ વધુ તપાસ કરવી જરૂરી છે.

૪. ના.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ૧૯૯૯(૫) એસ.સી.સી. પાન નં. ૭૪૦=એ. આઈ.આર. ૧૯૯૯ સુ.કો. પાન નં. ૨૩૩૨ શ્રી ભગવાન વિ. આંધ્રપ્રદેશ રાજ્ય મુજબ વધુ તપાસનો હુકમ કરતાં પહેલાં ના.કોર્ટે આરોપીને સાંભળવો જરૂરી નથી.

૫. ઉક્ત તમામ કારણોસર અને કેસની હકીકતો જોતાં ઉક્ત કેસમાં તપાસ અધિકારીએ અમો અરજદારે સૂચવેલી વિગતો અંગે યોગ્ય તપાસ કરી સત્યની શોધ કરવી જરૂરી હોઈ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૭૩(૮) મુજબ વધુ તપાસ કરવા યોગ્ય હુકમ કરવા મે. કરશોજી.

અમદાવાદ.

તારીખ :